ક્રમાંક:રાપબો/NMMS/૨૦૨૨/૭-૮૫

રાજય પરીક્ષા બોર્ડ,
સરકારી પુસ્તકાલય સામે,
સેકટર-૨૧, ગાંધીનગર
તા.૦૩/૦૧/૨૦૨૨

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
શાસનાધિકારીશ્રી, તમામ

**વિષય: નેશનલ મીન્સ કમ મેરીટ સ્કોલરશીપ યોજના (NMMS)-૨૦૨૧ પરીક્ષા ના આવેદનપત્રો ભરવા બાબત.**
**સંદર્ભ:- અત્રેની કચેરીના તા.૨૮/૧૨/૨૦૨૧ ના જાહેરનામા:ક્રમાંક:રાપબો/NMMS/૨૦૨૧/૧૧૫૭૯-૧૧૬૩૮.**

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે ચાલુ વર્ષે યોજાનાર NMMS પરીક્ષા ૨૦૨૧ નું રજીસ્ટ્રેશન www.sebexam.org પર તા.૩૧/૧૨/૨૦૨૧ થી શરૂ થયેલ છે. આ પરીક્ષામા ચાલુ શૈક્ષણિક વર્ષમાં ધોરણ-૮માં સરકારી પ્રાથમિક શાળાઓ, લોકલ બોડી શાળાઓમાં (જિલ્લા પંચાયત/ મહાનગરપાલિકા/નગરપાલિકાની શાળા) તથા ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા હોય તેવા વિદ્યાર્થીઓ N.M.M.S ની પરીક્ષા આપી શકે છે. તો આપના મારફતે આપના જિલ્લાના શિક્ષણ નિરીક્ષક, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા નોડલશ્રી, મદદનીશ શાસનાધિકારીશ્રી, સુપરવાઇઝરશ્રી, BRC કો.ઓર્ડિનેટર તેમજ CRC કો.ઓર્ડિનેટર, આચાર્યશ્રી અને શિક્ષકશ્રીઓ દ્વારા વધુમાં વધુ પ્રચાર થઇ વધુમાં વધુ બાળકોનું રજીસ્ટ્રેશન થાય તેવી સુચના આપની કક્ષાએથી આપવી. NMMS પરીક્ષાનું રજીસ્ટ્રેશન તા.૧૯/૦૧/૨૦૨૨ સુધી ચાલુ છે.

કોવિડ-૧૯ કારણે સંદર્ભ દર્શિત જાહેરનામા દર્શાવેલ જાતિ તેમજ આવક અંગેના પ્રમાણપત્રો વિધાર્થીના વાલીને મેળવવામાં તકલીફ પડી રહેલ છે આવી રજુઆતો રાજય પરીક્ષા બોર્ડ ખાતે મળેલ છે. તે જોતા નીચે મુજબના ફેરફારોને ધ્યાને લેવા વિનંતી.

- આવક અંગેના પ્રમાણપત્ર:- મામલતદારશ્રી, તાલુકા વિકાસ અધિકારીશ્રી, તલાટી કમ મંત્રીશ્રી, સંસદસભ્યશ્રી, ધારાસભ્યશ્રી, મ્યુ.કાઉન્સીલરશ્રી, ચીફ ઓફીસરશ્રી તેમજ સરપંચશ્રી પૈકી કોઇપણનો આવક અંગેના પ્રમાણપત્ર માન્ય રહેશે.
- જાતિ અંગેના પ્રમાણપત્ર:- મામલતદારશ્રી, તાલુકા વિકાસ અધિકારીશ્રી કે શાળાના આચાર્યનું રજીસ્ટર્ડ (જાવક નંબર તેમજ ફોટા સાથેનું) બોનાફાઈડ માન્ય રહેશે. જેમાં વિધાર્થીની પેટા જાતિનો ઉલ્લેખ કરવાનો રહેશે.
- વિધાર્થી નિયત આવક મર્યાદામાં અને નિયત જાતિની કેટેગરીમાં આવે છે તેની શાળાના આચાર્યશ્રીએ અને TPEOશ્રીએ ચકાસણી કરવાની રહેશે.

ઉપરોક્ત વિગતો ધ્યાને લઇ વધુમાં વધુ વિધાર્થીઓ સદર પરીક્ષામા ભાગ લે અને સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે તક મેળવે અને પ્રતિભાને વિકસાવવાનો અવસર પણ મળે તે હેતુથી આપના તાબા હેઠળની તમામ શાળાઓને પ્રોત્સાહિત કરી જાણ કરવી.

અધ્યક્ષ

૭૬

જા.નં. મા.શ/૨૦૨૨/-૨૩૮

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી

સુરત, જિ. સુરત

તા. 05/01/2022

પ્રતિ,

આચાર્યશ્રી,

સુરત શહેર અને જિલ્લાની તમામ માધ્યમિક અને ઉ.મા. શાળાઓ

સુરત. જિ. સુરત.

District Education Officer
Surat. Dist. Surat.